## કેવિકે નવસારી દ્વારા દત્તક લેવાયેલ આંગણવાડી બાબત

કેવિકે નવસારી દ્વારા વાંસદા તાલુકાનાં સી.ડી.પી.ઓ. તથા સુપરવાઈઝરો સાથે મીટીંગ કર્યાબાદ વાંસદા તાલુકાની વધુ કુપોષિત ત્રણ આંગણવાડી દત્તક લેવામાં આવી છે. જેમાં ૧૦૦ થી વધુ બાળકો અને કિશોરીઓ કુપોષિત છે. જેઓને કેવિકે દ્વારા કુપોષણ, કિચન ગાર્ડન, એનીમીયા, પૌષ્ટિક આહાર અને પોષણ વિશેની તાલીમ આપવામાં આવશે. ઉપરાંત કુપોષિત બાળકોને અને કિશોરીઓને પૂરક આહાર આપવામાં આવશે. આ અંતર્ગત તા.૨૪/૦૯/૨૦૧૪ ના રોજ આંગણવાડી ખાતે તાલીમ ગોઠવવામાં આવેલ જેમાં ઉપસ્થિત સગર્ભા અને ધાત્રીમાતા તેમજ કિશોરીઓને કિચનગાર્ડનની માહિતી આપવામાં આવેલ તેમજ કીટ વિતરણ કરવામાં આવેલ.






